॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૭ જુલાઈ ૨૦૨૪** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**OPEN BOOK / REGULAR** **શ્રેણી – ૧૭** **WRITER YES / NO**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(૧૫)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)**

૧. કરણ કોને કહે છે? **કરણ એટલે ક્રિયાનું સાધન અથવા હેતુ.**

૨. કયા જીવોને મારવામાં વધુ પાપ છે? શા માટે? **ત્રસ જીવોને કારણ કે તેઓમાં સ્થાવર જીવો કરતા પ્રાણ, યોગ, ઈન્દ્રિય વગેરે વધારે હોય છે.**

૩. બાર દેવલોકના કુલ વિમાન કેટલા છે? **બાર દેવલોકના કુલ વિમાન ૮૪,૯૬,૭૦૦ છે.**

૪. વંદના કેવી રીતે કરવી જોઈએ? **વંદના શુદ્ધ ભાવે વિધિ સહિત કરવી જોઈએ.**

૫. આંકડામાં જવાબ લખો. **સાધુની ભાવના** **૨૫** **૧૨ વ્રતના કુલ અતિચાર** **૭૫**

**પ્રવચન માતા** ૮ **પાંચમા વ્રતની કોટિ** ૩

**(આ) આગમ પરિચયના આધારે માંગ્યા પ્રમાણે જવાબ લખો. (૧૦)**

૧. સંપૂર્ણ ધર્મકથાના આગમ કયા છે? **અંગ સૂત્રોમાં જ્ઞાતાધર્મકથા, ઉપાસક, અંતગડ, અનુત્તરોવવાઈ અને વિપાક સૂત્રમાં સંપૂર્ણ ધર્મકથા છે. જ્યારે ઉપાંગ સૂત્રોમાં રાયપસેણીય, નિરયાવલિકા, કપ્પવડંસિયા, પુપ્ફિયા, પુપ્ફચૂલિયા અને વહ્નિદશા સંપૂર્ણ ધર્મકથાના છે.** (૩)

૨. દશવૈકાલિક સૂત્રની આગમશૈલી, રચયિતા, વિષયનું વર્ણન લખો. **આગમશૈલી–અધ્યયન,ઉદ્દેશક** (૨)

**રચયિતા–શય્યંભવ આચાર્ય. વિષય–વડીદીક્ષાનો પાઠ, સાધુ આચાર, ભાષા–વિનય સમાધિનું વર્ણન.**

૩. ધુમ્મસ કેટલા પ્રકારની છે? કયા? **ધુમ્મસ બે પ્રકારની હોય છે. ધૂમિકા – કાળી ધુમ્મસ અને મિહિકા – સફેદ ધુમ્મસ.** (૧×૫)

૨. સ્મશાન સામન્ત સમજાવો. **સ્મશાનભૂમિની ચારે તરફ ૧૦૦ હાથ સુધી.**

૩. ગ્રહણની અસજ્ઝાય શા માટે છે? **ગ્રહણ વખતે પર્વ રાહુ ચંદ્રને ઢાંકે છે માટે.**

૪. એક પ્રહરની અસજ્ઝાય કોની છે? **ઉલ્કાપાત, વિદ્યુત, યૂપક.**

૫. સંધ્યા એટલે શું? **સાંજ અને રાત્રિનો સંધ્યાકાળ.**

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. ભગવાને દીક્ષા સમયે શું સંકલ્પ કર્યો હતો? **હું આ હેમંત ઋતુમાં આ વસ્ત્રથી શરીર ઢાંકીશ નહિ.**

૨. ભગવાને ગૃહસ્થવાસમાં શેનો ત્યાગ કર્યો હતો? **ભગવાને ગૃહસ્થવાસમાં સાવદ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરી દીધો હતો.**

૩. ભગવાન કેવા આહારનું સેવન કરતા હતા? **નિર્દોષ અને પ્રાસુક આહારનું સેવન કરતા હતા.**

૪. ભગવાનને કઈ ગતિના જીવોએ ઉપસર્ગ આપ્યા? **ભગવાનને મનુષ્ય, તિર્યંચ અને દેવ ગતિના જીવોએ ઉપસર્ગ આપ્યા.**

૫. ભગવાન શેનો બદલો લેવાનો વિચારતા ન હતા? **પોતાના અપમાનનો બદલો લેવાનું વિચારતા ન હતા.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પરિનિવૃત્ત, ઉન્માદ, પરિજ્ઞાત અને અંતકૃત એટલે શું? **પરિનિવૃત્ત : કર્મકૃત વિકારોથી રહિત. ઉન્માદ : બુદ્ધિની વિપરીતતા. પરિજ્ઞાત : જાણીને ત્યાગનાર. અંતકૃત : સંસારનો અંત કરવાવાળા.** (૨×૨)

૨. શ્રુતધર્મના કેટલા અને કયા પ્રકાર છે? કોની અવગાહના એક હાથની છે?

**શ્રુતધર્મના બે પ્રકાર છે. ૧) સૂત્ર શ્રુતધર્મ : મૂળ સૂત્રોનું અધ્યયન કરવું. ૨) અર્થ શ્રુતધર્મ : સૂત્રોના અર્થનું અધ્યયન કરવું. અનુત્તર વિમાનના દેવોની અવગાહના એક હાથની છે.**

૩. વેણુદેવ કેવા છે? **મહાઋદ્ધિવાન, મહાદ્યુતિવાન, મહાશક્તિવાન, મહાયશવાન, મહાબળવાન, મહાસૌખ્યવાન છે.** (૧×૬)

૪. તિર્યંચ પંચેન્દ્રિયની ઉત્પતિ શેનાથી થાય છે? **તિર્યંચ પંચેન્દ્રિયની ઉત્પતિ પિતાના વીર્ય અને માતાના શોણિતથી થાય છે.**

૫. સાગરોપમ એટલે શું? **જેને સાગરની ઉપમા આપવામાં આવે તે સાગરોપમ.**

૬. સુભૂમ મરીને કઈ નરકમા ગયા? શા માટે? **સુભૂમ મરીને સાતમી નરકના અપ્રતિષ્ઠાન નરકાવાસમાં ગયા કારણ કે કામભોગોનો ત્યાગ કર્યો નહોતો.**

૭. પાલો એટલે શું? **ધાન્ય માપવાની પવાલીને પાલો કહે છે.**

૮. પૂર્ણ આયુ એટલે શું? **જેટલા કાળનું આયુષ્ય બાંધ્યું હોય તેટલા કાળનું આયુષ્ય ભોગવવું. વચ્ચે આયુ. ન તૂટે.**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. ભદ્રા કેવી હતી? **પાંચ ઈન્દ્રિયો અને શરીરના પરિપૂર્ણ અવયવોવાળી તથા સુંદર રૂપવાળી હતી.**

૨. સાધુ ગુણોમાં નિશ્ચયથી વધતા વધતા ...... યાવત્ ગુણોથી ...... થઈ જાય છે. **ક્ષમા, પરિપૂર્ણ**

૩. રાજગૃહી નગરીની બહાર શું હતું? **રાજગૃહી નગરીની બહાર ઈશાન ખૂણામાં ગુણશીલ નામનું ઉદ્યાન હતું.**

૪ . ઉજ્જિકાએ પાંચ દાણા આપ્યા ત્યારે ધન્ના સાર્થવાહે શું કીધું?

**હે પુત્રી! શું આ તે જ શાલિના દાણા છે કે બીજા છે?**

૫. ધન્યા સાર્થવાહના ત્રીજા પુત્ર-પુત્રવધૂના નામ લખો. **પુત્ર-ધનગોપ અને પુત્રવધૂ-રક્ષિકા.**

૬. મંજરીઓ કેવી થઈ અને તેમાંથી શું થયું? **મંજરીઓ દૂધમય થઈ ગઈ અને તેમાંથી દાણા બંધાવા લાગ્યા.**

૭. ચંદ્ર કેટલામું અધ્યયન છે? તે અંગ છે કે ઉપાંગ? **ચંદ્ર દશમું અધ્યયન છે, તે અંગ સૂત્ર છે.**

૮. ૫ મહાવ્રતનો ત્યાગ કરનાર શેમાં પરિભ્રમણ કરે છે? **૫ મહાવ્રતનો ત્યાગ કરનાર અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.**

૯. પૂર્ણિમાનો ચંદ્ર ચૌદશના ચંદ્ર કરતા કેવો હોય છે? **પૂર્ણિમાનો ચંદ્ર ચૌદશના ચંદ્ર અપેક્ષાએ અધિકતર વર્ણવાળો અને પ્રતિપૂર્ણ મંડલવાળો હોય છે.**

૧૦. ભોગવતીએ કમોદના દાણાનું શું કર્યું? **ભોગવતી કમોદના દાણાના ફોતરા કાઢીને ગળી ગઈ.**

(૧૫)

**પ્ર. ૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. ભગવાન મહાવીર ઉદ્યાનમાં કેવી રીતે વિચરતા હતા?

**ભગવાન મહાવીર ઉદ્યાનમાં સંયમ અને તપથી આત્માને ભાવિત કરી વિચરતા હતા.**

૨. આનંદ શ્રાવકે દાંતણની મર્યાદા કેવી રીતે કરી?

**આનંદે એક લીલા જેઠીમધના દાંતણ સિવાયના બધા દાંતણનો ત્યાગ કર્યો.**

૩. ઈન્દ્રભૂતિએ બીજી પોરસીમાં શું કર્યું? **બીજી પોરસીમાં સૂત્રના અર્થના ચિંતનરૂપ ધ્યાન કર્યું.**

૪. આનંદ શ્રાવકને ઊંચી દિશામાં કેટલું અવધિજ્ઞાન થયું હતું?

**ઊંચે ઉર્ધ્વદિશામાં સૌધર્મ દેવલોક સુધીનું અવધિજ્ઞાન થયું હતું.**

૫. વૃત્તિકાંતાર એટલે શું? **આજીવિકાના અભાવના કારણે.**

૬. ધર્મ સાંભળીને શિવાનંદા શેનો સ્વીકાર કરે છે?

**ધર્મ સાંભળીને શિવાનંદા આનંદ શ્રાવકની જેમ ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કરે છે.**

૭. આનંદ શ્રાવકે કેટલી પડિમાનો સ્વીકાર કર્યો? તેમાં કેટલા વર્ષ લાગ્યા?

**આનંદ શ્રાવકે ૧૧ પડિમાનો સ્વીકાર કર્યો. તેમાં અંદાજે સાડા પાંચ વર્ષ લાગ્યા.**

૮. ગૌતમ સ્વામીની વાત સાંભળીને મહાવીર સ્વામીએ શું કહ્યુ?

**હે ગૌતમ! તમે એ વિષયમાં આલોચના કરો, પ્રાયશ્ચિત્ત કરો અને આનંદને ખમાવો.**

૯. ઉપાસકદશાંગ સૂત્રના ૨, ૪, ૬, ૮ અધ્યયનના નામ લખો.

**૨) કામદેવ, ૪) સુરાદેવ, ૬) કુંડકૌલિક, ૮) મહાશતક.**

૧૦. સ્વજન, પરિજન, સંબંધીમાં કોનો સમાવેશ થાય?

**સ્વજન : માતા–પિતા, ભાઈ–બહેન વગેરે, પરિજન : દાસ–દાસી વગેરે, સંબંધી : સસરા, મામા વગેરે.**

**(આ) અંતગડ સૂત્રના આધારે યોગ્ય વિકલ્પ પર ટીક કરો. (૫)**

૧. મહાપુરુષ કે જે ભવનો અંત કરનાર હોય (અંતગડદશાંગ, અંતકૃતદશાંગ, **અંતકૃત**)

૨. સૈનિકોની ટુકડી (**બળવર્ગ**, વીરવર્ગ, મહાવર્ગ)

૩. ગૌતમ કુમારના લગ્ન કેટલી કન્યાઓ સાથે થયા? (૩૨, ૧૬, **૮**)

૪. પ્રતિક્ષણ નવા રૂપવાળી (પ્રતિરૂપ, **અભિરૂપ**, પરિપૂર્ણ)

૫. ગૌતમ અણગાર કયા પર્વત પરથી મોક્ષે ગયા? (ગિરનાર, **શત્રુંજય**, વૈભારગિરિ)

(૫)

**પ્ર. ૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.**

૧. જાલિ અણગાર કાળ કરીને વિજયંત વિમાનમાં ઉત્પન્ન થયા.

**ખોટું. જાલિ અણગાર કાળ કરીને વિજય વિમાનમાં ઉત્પન્ન થયા.**

૨. અનુત્તરોવવાઈ સૂત્ર એ આઠમું અંગ સૂત્ર છે. **ખોટું. અનુત્તરોવવાઈ સૂત્ર એ નવમું અંગ સૂત્ર છે.**

૩. ધારિણી રાણીએ સ્વપ્નમાં સિંહ જોયો. **સાચું.**

૪. જાલિ અણગારે ૧૧ અંગ સૂત્રોનો અભ્યાસ કર્યો. **સાચું.**

૫. અનુત્તરોવવાઈનું ચોથું અધ્યયન દીર્ઘદંત કુમાર છે.

**ખોટું. અનુત્તરોવવાઈનું ચોથું અધ્યયન પુરુષસેન છે.**

(૧૫)

**પ્ર.૭ દશવૈકાલિક અને પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો.**

૧. અણુત્તરં **ધમ્મમુઈરઈત્તા, અણુત્તરં ઝાણવરં ઝિયાઈ ।**

**સુસુક્કસુક્કં અપગંડસુક્કં, સંખિંદુ એગંતવદાત** સુક્કં ।।

**અર્થ : તે ભગવાન મહાવીર સર્વોત્તમ ધર્મ પ્રકાશનારા, ઉજ્જવળમાં ઉજ્જવળ, દોષરહિત, ઉજ્જવળ શંખ અને ચંદ્રની પેઠે એકાંત ઉજ્જવળ, સર્વ ધ્યાનોમાં પ્રધાન એવું શુક્લધ્યાન ધરતા હતા.**

૨. ઠિઈણ **સેટ્ઠા લવ સત્તમા વા, સભા સુહમ્મા વ સભાણ સેટ્ઠા ।**

**નિવ્વાણસેટ્ઠા જહ સવ્વધમ્મા, ન નાયપુત્તા પરમત્થિ** નાણી ।।

**અર્થ : લાંબી અને શુભ સ્થિતિવાળા દેવોમાં લવ સપ્તમ દેવો, સભાઓમાં સૌધર્મા સભા અને સર્વ ધર્મોમાં જેમ નિર્વાણ–મોક્ષમાર્ગ શ્રેષ્ઠ છે, તેમ જ્ઞાતપુત્ર મહાવીરથી પરમ શ્રેષ્ઠ જ્ઞાની બીજા કોઈ નથી.**

૩. સવ્વ **મેયમણાઈણ્ણં, નિગ્ગંથાણ મહેસિણં ।**

**સંજમમ્મિ ય જુત્તાણં, લહુભૂય** વિહારિણં ।।

**અર્થ : સંયમ અને તપથી યુક્ત તથા વાયુની જેમ અપ્રતિબંધ વિહારી નિર્ગ્રંથ મહાત્માઓને માટે આ સર્વે અનાચીર્ણ છે, એટલે કે આચરવા યોગ્ય નથી.**

૪. તીસે **સો વયણં સોચ્ચા, સંજયાઈ સુભાસિયં ।**

**અંકુસેણ જહા નાગો, ધમ્મે સંપડિ** વાઈઓ ।।

**અર્થ : તે સંયમવતી સાધ્વી રાજેમતીના સારા આશયવાળા વચનો સાંભળીને જેવી રીતે અંકુશ વડે હાથી વશ થઈ જાય તેમ તે રહનેમિ ધર્મમાં ફરી સ્થિર થઈ ગયા.**

૫. ધમ્મો **મંગલ મુક્કિટ્ઠં, અહિંસા સંજમો તવો ।**

**દેવા વિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા** મણો ।।

**અર્થ : અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ જ સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે. જેનું મન સદા ધર્મમાં લીન રહે છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.**

(૧૦)

**પ્ર. ૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. માતા-પિતાનો અંશ એટલે શું? **પ્રથમ સમયમાં લીધેલ ઓજ આહાર.**

૨. ગર્ભસ્થ જીવને શા માટે મળ-મૂત્ર હોતા નથી?

**ગર્ભસ્થ જીવ કવલ આહાર કરતો નથી માટે મળ-મૂત્ર હોતા નથી.**

૩. કયા શરીર સાથે જીવનો અનાદિથી સંબંધ છે?

**તૈજસ અને કાર્મણ શરીર સાથે જીવનો અનાદિથી સંબંધ છે?**

૪. ગર્ભસ્થ જીવના શરીરમાં માતાના કયા અંગ હોય છે? **માંસ, રુધિર, મસ્તક.**

૫. પાપી જીવ કેવી રીતે બહાર આવે છે? **પાપી હોય તે જીવ પ્રસવના સમયે યોનિદ્વાર પર આડો થઈને બહાર આવે છે.**

૬. ગર્ભસ્થ જીવ કોની પાસે ધર્મવચન સાંભળે છે?

**ગર્ભસ્થ જીવ તથારૂપના શ્રમણ સાધુ પાસે ધર્મવચન સાંભળે છે.**

૭. શ્રમણના સુખ કેવા છે? **શ્રમણના સુખ એ મોહનીય કર્મના વિજયથી પ્રાપ્ત થતા આત્મિક સુખ છે.**

૮. કેવા પરિણામવાળા સિદ્ધ થાય છે? **શુદ્ધ, શુદ્ધતર પરિણામવાળા સિદ્ધ થાય છે.**

૯. ત્રણ અને આઠ માસ નિર્મળ સંયમ પાળવાવાળા કયા સુખને ઉલ્લંઘી જાય છે?

**ત્રણ માસ નિર્મળ સંયમ પાળવાવાળા અસુરકુમાર દેવના અને આઠ માસ નિર્મળ સંયમ પાળવાવાળા પાંચમા-છટ્ઠા (બ્રહ્મલોક-લાંતક) દેવલોકના સુખને ઉલ્લંઘી જાય છે.**

૧૦. સુવર્ણકુમાર અને આરણ દેવલોકના સુખ કોણ ઉલ્લંઘી જાય છે?

**બે માસ નિર્મળ સંયમ પાળવાવાળા સુવર્ણકુમાર દેવના, દશ માસ નિર્મળ સંયમ પાળવાવાળા આરણ દેવલોકના સુખ ઉલ્લંઘી જાય છે.**

(૧૦)

**પ્ર. ૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. નિદા વેદના અને શીત વેદના-પંકપ્રભા, રત્ન, મહાવિદેહના મનુષ્ય, બારમા દેવલોકના જીવોને હોય?

**નિદા વેદના-પંકપ્રભા, મહાવિદેહના મનુષ્ય, બારમા દેવલોકના જીવોને હોય. શીત વેદના-પંકપ્રભા, રત્ન, મહાવિદેહના મનુષ્ય, બારમા દેવલોકના જીવોને હોય.**

૨. તિર્યંચનો કષાયનો અલ્પબહુત્વ લખો.

**તિર્યંચનો કષાયનો અલ્પ બહુત્વ – સૌથી થોડું માન, તેથી ક્રોધ વિશેષાધિક, તેથી લોભ વિશેષાધિક, તેથી માયા વિશેષાધિક.**

૩. આહાર સંજ્ઞાનું ત્રીજું, ભય સંજ્ઞાનું ચોથું, મૈથુન સંજ્ઞાનું બીજું અને પરિગ્રહ સંજ્ઞાનું પહેલું કારણ લખો.

**આહાર સંજ્ઞાનું ત્રીજું–આહાર દેખવાથી, ભય સંજ્ઞાનું ચોથું–ભયની ચિંતવણા કરવાથી, મૈથુન સંજ્ઞાનું બીજું–વેદ મોહ કર્મના ઉદયથી અને પરિગ્રહ સંજ્ઞાનું પહેલું–મમત્વ વધારવાથી.**

૪. શારીરિક–માનસિક વેદના અને અશાતા વેદના એટલે શું? કેટલા દંડકમાં હોય?

**શારીરિક–માનસિક વેદના એટલે શરીર–મનમાં બંને રીતે થનારી વેદના. તે ૧૬ સંજ્ઞીના દંડકમાં હોય.**

**અશાતા વેદના એટલે વેદનીય કર્મના ઉદયે સ્વયં ઉદયમાં આવેલી પ્રતિકૂળ વેદના તે ૨૪ દંડકમાં હોય.**

૫. ૧૪ પક્ષે કોણ શ્વાસ લે છે? ક્ષાયિક સમકિતી ઘોડો કેવી રીતે શ્વાસ લે છે? ૩૭૫ દિવસે કોણ શ્વાસ લે છે?

**૧૪ પક્ષે છટ્ઠા દેવલોકવાળા અને સાતમા દેવલોકવાળા શ્વાસ લે છે. ક્ષાયિક સમકિતી ઘોડો વિમાત્રાથી–અનિયતકાળથી શ્વાસ લે છે. ૩૭૫ દિવસે ચોથી અને ત્રીજી ગ્રૈવેયકવાળા શ્વાસ લે છે.**

(૫)

**પ્ર. ૧૦ આગમ પરંપરાના આધારે ખાલી જગ્યા પૂરો.**

૧. બીજી આગમ વાંચના ...... પર્વત પર થઈ. **કુમારગિરિ**

૨. આગમ એ જ સાચી ...... છે એવી ...... કરવી. **જિનવાણી, શ્રદ્ધા**

૩. આચાર્ય ભદ્રબાહુ ...... પણે વિચર્યા. **શ્રુતકેવળી**

૪. ચૌદમા પૂર્વનું નામ ...... અને તેમાં ...... વત્થુ છે. **લોક બિંદુસાર, ૨૫**

૫. વીર્ય પૂર્વમાં ...... વત્થુ અને ...... શાહી હસ્તિ છે. **૮, ૪**

૬. સત્ય સંયમનું વિવેચન ...... પૂર્વમાં અને તેમાં ...... પદ છે. **સત્યપ્રવાદ, ૧ ક્રોડ ૬ લાખ**

**જય જિનેન્દ્ર**


- **PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
- **NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY**
- **TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914**
- **FOR BOOKS AND EXAM REGISTRATION**